GJSK120002822024

દાખલ તારીખ :- ૧૮-૦૩-૨૦૨૪
રજીસ્ટર તારીખ :-૧૮-૦૩-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૧૫-૦૬-૨૦૨૬
અવધિ: ૨-વર્ષ ૨-માસ ૨૮-દિવસ

**મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.તલોદ**

ફોજદારી કેસ નં.૨૧૦/૨૦૨૪

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ૧) સિધ્ધરાજસિંહ ગાભુસિંહ ઝાલા
૨) ગાભુસિંહ માનસિંહ ઝાલા
૩) કૈલાશબા વા/ઓ ગાભુસિંહ ઝાલા
૪) અમીષાબેન ડો/ઓ ગાભુસિંહ ઝાલા

તમામ રહે.લબ્ધીકુંજ સોસાયટી કાંસા રોડ વિસનગર મુળ રહે. રોઝડ, તા.તલોદ,જી.સાબરકાંઠા.

ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિ બંધક ધારા કલમ- ૪ મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.આર. ભાડલીયા
આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.જે.પરમાર

---

**-: ઠરાવ :-**

(૧) **ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત :-** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીઓએ મોજે-લબ્ધી કુંજ સોસાયટી કાંસા રોડ વિસનગર ખાતે આ કામના ફરીયાદી બહેનને આ કામના આારોપીઓએ એકસંપ થઈ અવાર નવાર કહેતા હતા કે અમારે નવુ મકાન લેવું છે તુ તારા પિતાજીના ઘરેથી રૂા. દસ લઈ આવી તેવી દહેજની માંગણી કરી શારીરીક માનસિક ત્રાસ આપી ફરીયાદી બેનને મારઝુડ કરી પોતાના ઘરેથી કાઢી મુકી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ-૪ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) **અદાલતી કાર્યવાહી :-** મજકુર આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું ચાજશટ દાખલ થતાં આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. મજકુર આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓ નામ. કોર્ટમાં હાજર થયેલ અને તેમને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે ખાતરીપૂર્વક પુરી પાડવામાં આવ્યા બાદ આંક-૧૦ થી તહોમતનામું ફરમાવેલ તથા આંક-૧૧ થી આંક-૧૪ ના આરોપીઓના નિવેદન (પ્લી) નોંધવામાં આવેલ. જેમાં તેઓ એ ગુનાનો ઈન્કાર કરતાં, કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) **ફરીયાદપક્ષનો પુરાવો :-** આ કામે આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક-૨૩ ફરીયાદી મિલનબા સિધ્ધરાજસિંહ ઝાલાની જુબાની

(૨) આંક-૩૦ સાહેદ નટવરસિંહ જશવંતસિંહ ઝાલાની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૨૪ ફરીયાદ

**(૪) આરોપીનું વિશેષ નિવેદન :–** આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ તેમનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવે છે.

**(૫)** ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની વિગતવાર દલીલો સાંભળી.

**(૬)** ફરીયાદીની ફરીયાદ હકીકત, રેકર્ડમાં રજુ થયેલા તમામ મૌખિક / દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષના કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ મોજે–લબ્ધી કુંજ સોસાયટી કાંસા રોડ વિસનગર ખાતે આ કામના ફરીયાદી બહેનને આ કામના આારોપીઓએ એકસંપ થઈ અવાર નવાર કહેતા હતા કે અમારે નવુ મકાન લેવું છે તુ તારા પિતાજીના ઘરેથી રૂા. દસ લઈ આવી તેવી દહેજની માંગણી કરી શારીરીક માનસિક ત્રાસ આપી ફરીયાદી બેનને મારઝુડ કરી પોતાના ઘરેથી કાઢી મુકી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાઓના જવાબો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

(૮) ફરીયાદની હકિકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ તથા દલીલો ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓના જવાબ અંગેના કારણો તથા તારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**મુદ્દા નં.૧ :–**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. આ કામે આંક–૨૩ થી સદર કેસના ફરીયાદી મિલનબા સિધ્ધરાજસિંહ ઝાલા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૧૩/૨/૨૦૨૦ ના રોજ મારા લગ્ન અમારા જ્ઞાતિના રીત રિવાજ પ્રમાણે રોજડ ગામના સિધ્ધરાજસિહ ગાંભુસિહ ઝાલા સાથે થયેલા. અમારે લગ્ન સહ જીવનથી સંતાન માં એક દીકરી નામે રૂહી છે જે હાલ આશરે ચારેક વર્ષની છે. મારા લગ્ન બાદ હું રોજડ મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલી જેમાં હું મારા પતિ તથા સાસુ–સસરા તથા મારા નણંદ એમ સાથે રહેતા હતા. અમે લગ્ન બાદ વિસનગર ખાતે લબ્ધિ સોસાયટીમાં બધા રહેવા ગયેલા. લગ્ન બાદ મારા સાસુ મને નાની વાતમાં ટોકી મારી સાથે ઝઘડો કરતા હતા. મારા સાસુ કહેતા હતા કે,તારા બાપાએ તને કશુ આ પ્યુ નથી. મારા નણંદ મારા પતિને ચડાવીને મારી સાથે ઝઘડો કરાવતા હતા. મારે દીકરીનો જન્મ થયેલો તેથી આ લોકોનો ત્રાસ વધી ગયેલો. તારીખ ૭/૬/૨૩ નારોજ ટી.વી ચાલુ કરવા બાબતે મારી સાસુએ ઝઘડો કરેલો.મારી સાસુએ કહેલ કે, તુ તારા બાપના ત્યા જતી રહે તારે અહી રહેવાનું નથી.મારી છોકરી ભણે છે અને તુ તેને ડીસ્ટર્બ કરે છે તેવું કહી ઝઘડો કરેલો. આ લોકોએ ભેગા મળી મને કહેલ કે, તારા પિતાના ઘરેથી તુ દશ લાખ રૂપિયા લઈ આવ અમારે સીટીમાં એટલે કે વિસનગરમાં મકાન લેવુ છે. મે મારા પિતા પાસેથી પૈસા લાવવાની ના પાડેલી પછી બીજા દિવસે સવારે હું મારી દીકરીને નવડાવતી હતી ત્યારે મારા પતિએ શેમ્પુ બાબતે ઝઘડો કરી મને બાથરૂમમાં માર મારેલ.જે સહન નહી થતા હું ત્યાંથી મારા પિતાના ઘરે જવા માગતી હોવાથી મારા પતિ મને તથા મારી દીકરી ને મારા પિતાના ઘરે મુકી ગયેલા. આ ઘટનાના એકાદ મહિના બાદ હું રોજડ ગયેલી અને મારી દીકરીને તાવ આવતો હોવાથી હું તેને તલોદ સીવીલમાં લઈ ગયેલી પછી હું ત્યાંથી મારા પિતાના ઘરે ગયેલી અને બીજે દિવસે સવારે ફરીથી રોજડ ગયેલી ત્યાંથી હું વિસનગર મારી દીકરી સાથે ગયેલી

તે વખતે મારા સસરાએ મને ઘરમાં આવવા દીધેલ નહી અને જેમ ફાવે તેમ બોલવા લાગેલા તેમ છતા હું તે સમયે વરસાદ ચાલુ હોવાથી વિસનગર રાત રોકાઈ ગયેલી અને સવારમાં મારા સસરા ફરીથી મને બોલવા લાગતાં અને મારા સાસુએ મને જતા રહેવાનું કહેતા મારા પતિ મને અને મારી દીકરીને મારા પિતાના ઘરે મુકી ગયેલા. હું જયારે જયારે મારા પિયર જવું ત્યારે ત્યારે મારા સાસુ જતા અને આવતી વખતે બંને વખતે મારી બેગ ચેક કરતા હતા અને કહેતા કે,તુ શુ લઈ જાય છે અને શું લઈ આવે છે તે મારે જોવુ પડે આ વાત મને પસંદ ન હતી. હુ વિસનગર રહુ ત્યારે મારી પાસે ખાવાના પૈસા પણ માંગતા હતા અને કહેતા હતા કે,તુ વિસનગર રહે અને અહી ખાય છે તો તારે પૈસા આપવા પડે.આ બનાવની ફરીયાદ મે પોલીસમાં ૨૦૨૪ ના પહેલા મહિનામાં કરેલી મને હાલ તારીખ યાદ નથી. મને તારીખ ૬/૧/૨૪ ની અસલ ફરીયાદ બતાવતા તે મે પોલીસ રૂબરૂ લખાવેલી તે જ ફરીયાદ છે. જેમા ફરીયાદી તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૨૪ થી રજુ છે. તેમજ આ કામના આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખેલ છે કે, મે બી.એ તથા એસ.આઈ નો કોર્સ કરેલ છે. મે એસ.આઈ (સેનેટરી ઈન્સ્પેકટર)નો કોર્સ વર્ષ ૨૦૨૩ ની સાલમાં કરેલ છે. મે એસ.આઈ (સેનેટરી ઈન્સ્પેકટર)નો કોર્સ રેગ્યુલર તરીકે કરેલ છે. મે એસ.આઈ (સ ેનેટરી ઈન્સ્પેકટર)નો કોર્સ તલોદ મહિલા આઈ.ટી.આઈ માં કરેલ છે. હું ધાધ વાસણાથી તલોદ આઈ.ટી.આઈ અપડાઉન કરતી હતી. ધાધવાસણા થી તલોદ આશરે પાંચ કિલોમીટર થાય છે અને આઈ.ટી.આઈ આઠ કિલોમીટર થાય છે. મારા પિયરમાં કુલ ચાર સભ્યો છે જેમાં મારા બે ભાઈ ,ભાભી તથા તેમની દીકરી અને મારા મમ્મી પપ્પા અને દાદા છે. મારા દાદા પોલીસમાં જમાદાર હતા. મારા પિતાજીના નામે ખેતીની જમીન આવેલી છે તેમજ ત્રણ ટ્રેકટર આવેલા છે અને એક આઈસર અને એક ડી જે તથા બે ઘોડા તથા ગાયો ભેસો દશ છે તથા બે દુકાનો છે અને એક ડાલુ છે. મારો પિયરનો પરિવાર એ સુખી સંપન્ન છે. મે હાલની ફરીયાદ આપી તે પહેલા મારા પતિએ તારીખ ૨૭/૧૧/૨૩ ના રોજ નટવરસિંહ જશવંતસિંહ ઝાલા અને પરિવારના અન્ય સભ્યો ઉપર તલોદ પો.સ્ટેમા ફરીયાદ કરી હતી. મારા પતિએ આ ફરીયાદ મને તેડવા આવેલ હોય ત્યારે મારા મારી થયેલ હોય તેની ફરીયાદ કરેલી.મારા પતિએ ફરીયાદ

કરી ત્યાર બાદ હું મારી સાસરીમાં ગયેલી નથી.હું મારી દીકરી ને નવડાવતી હતી ત્યારે મારા પતિએ શેમ્પુ બાબતે ઝઘડો કરી મને બાથરૂમમાં માર મારેલ'' વાળી હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. આ ઘટનાના એકાદ મહિના બાદ હું રોજડ ગયેલી અને મારી દીકરીને તાવ આવતો હોવાથી હું તેને તલોદ સીવીલમાં લઈ ગયેલી પછી હું ત્યાંથી મારા પિતાના ઘરે ગયેલી અને બીજે દિવસે સવારે ફરીથી રોજડ ગયેલી ત્યાંથી હું વિસનગર મારી દીકરી સાથે ગયેલી તે વખતે મારા સસરાએ મને ઘરમાં આવવા દીધેલ નહી અને જેમ ફાવે તેમ બોલવા લાગેલા તેમ છતા હું તે સમયે વરસાદ ચાલુ હોવાથી વિસનગર રાત રોકાઈ ગયેલી અને સવારમાં મારા સસરા ફરીથી મને બોલવા લાગતાં અને મારા સાસુએ મને જતા રહેવાનું કહેતા મારા પતિ મને અને મારી દીકરીને મારા પિતાના ઘરે મુકી ગયેલા. હું જયારે જયારે મારા પિયર જવુ ત્યારે ત્યારે મારા સાસુ જતા અને આવતી વખતે બંને વખતે મારી બેગ ચેક કરતા હતા અને કહેતા કે,તુ શુ લઈ જાય છે અને શુ લઈ આવે છે તે મારે જોવુ પડે આ વાત મને પસંદ ન હતી. હું વિસનગર રહુ ત્યારે મારી પાસે ખાવાના પૈસા પણ માંગતા હતા અને કહેતા હતા કે,તુ વિસનગર રહે અને અહી ખાય છે તો તારે પૈસા આપવા પડે'' વાળી હકીકત મે મારી ફરીયાદમાં લખાવેલ નથી.મારા સસરા સ્વામીનારાયણ ગુરુકુળ વિસનગરમાં પટાવાળા તરીકે નોકરી કરે છે. એ વાતની મને ખબર નથી કે મારા પતિ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે ખાનગી સ્કુલમાં નોકરી કરે છે તેટલી ખબર છે. મારા પતિ બાર સાયન્સ સુધી ભણેલા છે. મારા પતિ ગ્રેજયુએટ નથી.

(૧૦) આ કામે આંક–૩૧ થી ફરીયાદ પક્ષે સાહેદ નટવરસિંહ જશવંતસિંહ ઝાલા પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૧૩/૨/૨૦૨૦ ના રોજ મારી દીકરીના લગ્ન અમારા જ્ઞાતિના રીત રિવાજ પ્રમાણે રોજડ ગામના સિધ્ધરાજસિહ ગાંભુસિહ ઝાલા સાથે થયેલા. તેમને લગ્ન સહ જીવનથી સંતાનમાં એક દીકરી નામે રૂહી છે જે હાલ આશરે ચારેક વર્ષની છે.તેના લગ્ન બાદ તેણી રોજડ મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલી જેમાં તે તેના પતિ તથા સાસુ–સસરા તથા તેમના નણંદ એમ સાથે રહેતા હતા.તેઓ લગ્ન બાદ વિસનગર ખાતે લબ્ધિ સોસાયટીમાં બધા રહેવા ગયેલા.સને–૨૦૨૩ માં મારી દીકરીને તેના પતિ

સાથે મતભેદ અને મનભેદ થતા તે મારા ઘરે આવી ગયેલ.ત્યારબાદ મારા જમાઈ અને બીજા લોકો તેને તેડવા માટે આવેલ ત્યારે બોલાચાલી થતા મારા જમાઈએ મારા ઉપર ખોટો કેસ કરેલ.તે કેસ બાબતે સમાધાન ન થતા મારી દીકરીએ તેઓ વિરૂધ્ધ ફરીયાદ પોલીસમાં ૨૦૨૪ ના પહેલા મહિનામા કરેલી.આ ફરીયાદ બાબતે પોલીસે મને કંઈ પુછેલ નહી.

આ સાહેદ ફરીયાદની હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી આ ફરીયાદીને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. તેમ છતાં તેઓ સમર્થન કરતા નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે, મારી દીકરીને તેના પતિ સાથે સામાન્ય મતભેદ અને મનભેદ હતા. છેલ્લા ૩ માસથી મારી દીકરી તેના સાસરીમાં તેના પતિ સાથે રહે છે.મારી દીકરીને તેના સાસરીવાળાએ કયારેય કોઈ શારીરીક માનસિક ત્રાસ આપેલ નથી કે કોઈ દહેજની માંગણી કરેલ નથી કે કોઈ માર મારેલ નથી. મારા જમાઈએ અમારા ઉપર ખોટો કેસ કરેલ અને તેમાં સમાધાન નહી થતા હાલનો કેસ મારી દીકરીએ કરેલ છે.

**(૧૧)** આ કામના આરોપીઓ સામે એકસંપ થઈ અવાર નવાર કહેતા હતા કે અમારે નવુ મકાન લેવું છે તુ તારા પિતાજીના ઘરેથી રૂા. દસ લઈ આવી તેવી દહેજની માંગણી કરી શારીરીક માનસિક ત્રાસ આપી ફરીયાદી બેનને મારઝુડ કરી પોતાના ઘરેથી કાઢી મુકી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરવાનો આક્ષેપ છે. જે અન્વયે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક-૨૩ થી ફરીયાદી તેઓની જુબાનીમાં આંક-૨૪ થી રજુ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. તેઓને મારઝુડ કરેલ હોય અને તેની તેઓએ કોઈ સારવાર કરાવેલ હોય તે અંગે કોઈ પુરાવો સદર કામે ફરીયાદ પક્ષ દવારા રજુ કરવામાં આવેલ નથી તેમજ તેઓએ દહેજ અંગેનો જે આક્ષેપ કરેલ છે તે બાબતે કોઈ ઠોસ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, આરોપીઓ એ ફરીયાદીને માર મારેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય તે બાબત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, ફરીયાદપક્ષ આ કામના

આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૪૯૮ (ક) ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતાં આરોપીઓએ ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૯૮(ક), ૩૨૩ તથા દહેજ ધારાની કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાં યોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. આથી આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં થી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૪૮(૧) ની જોગવાઈ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ અગાઉ આપેલ જામીનખત ચાલુ રાખવાની પુરસીસ આપવી અથવા આરોપીઓએ નવા જામીન રજુ કરવા.

૩. આરોપીઓના ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ– ૪૩૭ (એ) મુજબના જામીન લેવામાં આવેલ છે, જેનો અમલ હુકમની તારીખથી ૬(છ) માસ સુધી અમલી રહેશે અને સમય પુરો થયેથી જામીન આપોઆપ રદ થશે.

આ હુકમ આજ તા.૧૫ મી, માહે–જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૫/૦૬/૨૦૨૬
મુ.તલોદ.

**(એચ.એચ.પટેલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. તલોદ.
**(જજ કોડ નં.જીજે૦૧૭૨૨)**

**//S.C.P.//**